વેલેન્ટાઈન ડે એ સંસ્કૃતિ સંસ્થા દ્વારા સુમધુર યુગલ ગીતોનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા તા. ૧૪મી ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે એ રાત્રે ૯.૧૫ કલાકે સુમધુર યુગલ ગીતોનો કાર્યક્રમ યોજ્યો છે. આ કાર્યક્રમમાં ફિલ્મ સંગીત ક્ષેત્રે પ્રતિષ્ઠા ધરાવતા કલાકારો જેવા કે દક્ષા ગોહિલ અને વર્ષા કુલકર્ણી સામેલ થવાના છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં વોઈસ ઓફ મહમંદ રફી વિશ્વનાથ બટુંગે, વોઈસ ઓફ કિશોરકુમાર અરૂણ રાજ્યગુરુ, વોઈસ ઓફ મહેન્દ્ર કપૂર શશાંક શુકલ તેમજ વોઈસ ઓફ મુકેશ અસિત વોરા પોતાના કંઠના કામણ પાથરશે.

આ કાર્યક્રમનું સંગીત સંદીપ ક્રિશ્ચિયન દ્વારા અપાયું છે. જ્યારે કાર્યક્રમનું સંચાલન મોહસીન શેખ દ્વારા કરવામાં આવશે. સંસ્કૃતિ સંસ્થાના જે કોઈ સભ્યોને કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ મળ્યા ના હોય તેમણે સંસ્થાના મંત્રી મનોજ શુકલનો મો. નં. ૯૮૨૫૮૭૯૫૨૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

વિજદર વધારા માંગ સામે વસાહત મહામંડળે જર્કમાં અપીલ દાખલ કરી

અપીલ મામલે આગામી ૧૨મીએ સૂનાવણી

ગાંધીનગર, તા. ૧૦

ટોરેન્ટ પાવરની વિજદર વધારાની માંગ સામે શહેર વસાહત મહામંડળ દ્વારા જર્કમાં રજૂઆત કરવામાં આવી છે. યુનિટ મુજબ ૫૫ પૈસાના વધારાને નામંજૂર કરવા મહામંડળે જર્કમાં અપીલ દાખલ કરી છે. આગામી તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ આ મામલે સૂનાવણી હાથ ધરાશે.

શહેરમાં ઘરવપરાશ અને ઉદ્યોગો માટે ટોરેન્ટ પાવર લી. દ્વારા વિજપ્રવાહ સપ્લાય કરવામાં આવે છે. એકબાજુ ડીઝલના ભાવ ઘટ્યા છે. આમ છતાં વિદ્યુતશુલ્ક વધારી ગ્રાહકોને આર્થિક ભારણ લાદવામાં આવી રહ્યું છે. વિજભાવ વધારાની આ નીતિ સામે શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રતિવર્ષ વાંધા સૂચનો રજૂ કરવામાં આવે છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર વિજદર વધારા સહીતની માંગણીઓ ટોરેન્ટ પાવર કક્ષાએથી જર્ક સમક્ષ રજુ થતા મહામંડળે આ મામલે જર્કમાં રજૂઆત કરવામાં આવી છે. યુનિટ દીઠ ૫૫ પૈસાના ભાવ વધારાને નામંજૂર કરવા મહામંડળ દ્વારા અપીલ દાખલ કરવામાં આવી છે. ટોરેન્ટ પાવર પોતાની જ કંપની પાસેથી વધારે ભાવથી વીજ ખરીદી કરી ગ્રાહકોના માથે આર્થિક ભારણ નાંખે છે. રેલવે દ્વારા મળતા વળતરનો લાભ ગ્રાહકોને આપવાના બદલે મોંઘા ભાવના કોલસા ખરીદતા હોવાની શંકા ગ્રાહકોમાં ઉદ્‌ભવે છે. આ ઉપરાંત ગ્રાહકોના હીતને ધ્યાને લઈ ખોટ કરતી કંપનીઓનુ મર્જર અટકાવવા પણ મહામંડળના પદાધિકારી મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા તેમજ સી.પી. સોનીએ રજૂઆત કરી છે.

સેક્ટર-૬ ગરબા ગ્રાઉન્ડ ખાતે મંગળવારે બપોરે પૂ. કનૈયાલાલજી મહારાજના વ્યાસાશને શિવમહાપુરાણ કથાનો પ્રારંભ થયો છે. કથાના મંગલ પ્રારંભે મુખ્ય યજમાનોએ પોથીપુજન તથા આરતીનો લાભ લીધો હતો. શિવ મહાપુરાણની ૯ દિવસની કથા દરમિયાન જુદા જુદા પ્રસંગો આગામી દિવસોમાં ઉજવાશે.

સરકારી આયુર્વેદ હોસ્પિટલ સેક્ટર-૨૨ ગાંધીનગર દ્વારા 'સ્વાઈન ફ્લુ પ્રતિરોધક' આયુર્વેદ ઔષધ ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ

ગાંધીનગર, તા. ૧૦

હાલમાં રાજ્યમાં 'સ્વાઈનફ્લુ'ના રોગચાળાએ માથુ ઊંચક્યું છે અને ગંભીર પરિસ્થિતિ નિર્માણ થવા જાય છે ત્યારે આયુર્વેદનો પ્રથમ હેતુ 'સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું' તે અંતર્ગત આ રોગને થતો અટકાવવા માટે આયુર્વેદ શાસ્ત્રમાં નિર્દિષ્ટ ઔષધ યુક્ત ઉકાળા પીવાથી રોગો થવાની સંભાવના ઘટી જાય છે. આથી ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરીના માર્ગદર્શન હેઠળ અત્રેની સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨, ગાંધીનગર દ્વારા આયુર્વેદ ઔષધ યુક્ત ઉકાળા બનાવીને સે. ૨૨ હોસ્પિટલ ખાતે, જૂના-નવા સચિવાલયમાં, જિલ્લા પંચાત કચેરીમાં, મહાનગરપાલિકા હસ્તકના ચારેય અર્બન હેલ્થ સેન્ટરો જેવા કે સેક્ટર-૩ હાઈટેક હોસ્પિટલ સામે, સેક્ટર-૨૯ પોસ્ટ ઓફિસની બાજુમાં, સેક્ટર-૨૪ શાકમાર્કેટની બાજુમાં અને પાલજ ગામના બસ સ્ટેન્ડ ખાતે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન તા. ૧૦-૨-૧૫ થી પીવડાવવામાં આવી રહ્યા છે. તેમ મદદનીશ નિયામકશ્રી ડૉ. પ્રકાશ ઉપાધ્યાયે જણાવ્યું છે.

આ અંગેની સંપૂર્ણ વ્યવસ્થા તથા આયોજન સેક્ટર-૨૨ની હોસ્પિટલના વડા વૈદ્ય પંચકર્મશ્રીના માર્ગદર્શન હેઠળ અધિકારી-કર્મચારીઓની ટીમ દ્વારા કરવામાં આવી છે. અને આજે કુલ ૭૦૩૬ લાભાર્થીઓને સદર ઉકાળા પીવડાવવામાં આવ્યા છે.

લીંબડીયા પંચેશ્વર મહાદેવ સામે વધુ એક જીવલેણ અકસ્માત

લકઝરીની અડફેટે બાઈક સવાર યુવતીનું ઘટનાસ્થળે મોત : બાઈક ચાલક યુવાન ગંભીર : ટક્કર મારીને લકઝરી સાથે ચાલક રફુચક્કર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીકનો લીંબડીયા રોડ અકસ્માત ઝોન બની ગયો છે. તાજેતરમાં આ વિસ્તારમાં બનેલા અકસ્માતોમાં સાતથી વધુ વ્યક્તિઓએ જીવ ગુમાવતા આ હાઈવેને સીક્સ લેન બનાવવા ઉગ્ર આંદોલન પણ થયું હતું. દરમ્યાન આજે વધુ એક અકસ્માત સર્જાતા એક યુવતીએ જીવ ગુમાવ્યો છે. લકઝરીની અડફેટે બાઈક પાછળ સવાર યુવતીનું ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક યુવાનને ગંભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. ડભોડા પોલીસે ફરાર થઈ ગયેલા લકઝરી ચાલક આરોપી સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

લીંબડીયા પાસે પંચેશ્વર મહાદેવ નજીક મધુવનના ઓટલા પર સોનારડાનો એક યુવક અને મહારાષ્ટ્રની યુવતી બેઠા હતા. વાર્તાલાપ કરીને તેઓ ઘર તરફ જવા બાઈક નં. જીજે-૧૮-સી.એચ.-૪૮૧૪ લઈને નીકળ્યા ત્યાં નરોડા તરફથી આવતી એક લકઝરીએ બાઈકને અડફેટે લઈ લેતા ૫૦૦ મીટર જેટલુ દૂર સુધી બાઈક ઢસડાઈને ફંગોળાયુ હતુ. આ અકસ્માતમાં યુવતીનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું જ્યારે બાઈક ચાલક યુવાનને બેભાન હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલવ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.લકઝરી સાથે તેનો ડ્રાઈવર ફરાર થઈ જતાં લકઝરીનો નંબર પણ કોઈ નોંધી શક્યુ નથી. ડભોડા પોલીસે આરોપી સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

ડીઝલના ભાવમાં નોંધપાત્ર ઘટાડા પછી પણ મોંઘવારી યથાવત : લોકોમાં આક્રોશ

પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો પ્રજાના શીરે જ્યારે ભાવ ઘટાડાનો લાભ ઉત્પાદકોને : ઈંધણમાં ભાવ ઘટવાથી ઉત્પાદકો તગડો નફો રળી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૦

વૈશ્વિક ક્ષેત્રે ક્રુડ ઓઈલમાં થઈ રહેલા સતત ભાવ ઘટાડાની અસરો વિશ્વભરમાં સર્વત્ર દેખાઈ રહી છે. આ કારણે પેટ્રોલ-ડીઝલ જેવા ઈંધણમાં ભાવ ઘટાડાથી વર્તાય છે. એક સમયે જ્યારે પેટ્રોલ-ડીઝલના વધતા ભાવને મજબૂત કારણ બતાવી ઉત્પાદકોએ ભાવોમાં વધારો કરી દીધો હતો પરંતુ હાલમાં ઘટી રહેલા ભાવનો લાભ પ્રજાજનોને ન આપી ઉત્પાદકો જંગી નફો અંકે કરી રહ્યા છે. જેથી સત્તાધીશોના સુચક મૌન અને કાર્યવાહીના અભાવથી લોકોમાં આક્રોશ ફેલાયો છે.

દેશભરમાં ક્રુડની ભડકે બળતી કિંમતો થકી જે તે સમયે ચિજવસ્તુઓ અને અન્ય સાધન સામગ્રીના ભાવ આસમાને પહોંચી મોંઘવારી ચરમ સીમાને આંબી ગઈ હતી. પેટ્રોલ-ડિઝલના વધતા ભાવોને આગળ ધરીને તમામ ચિજવસ્તુઓના ઉત્પાદકોએ આ ભાવ વધારો પ્રજાજનોના શીરે નાંખી દઈ નફો અકબંધ રાખ્યો હતો પરંતુ છેલ્લા ઘણા સમયથી ઘટી રહેલા ઈંધણના ભાવોનો લાભ પ્રજાજનોને ન આપી આ જ ઉત્પાદકો જંગી નફો રળી રહ્યા છે. જેમાં સૌથી વધુ અસર મધ્યમવર્ગને પહોંચી રહી છે. મોટી સરકાર સત્તા આરૂઢ થયા પછી ક્રુડના ભાવો તળીયે પહોંચી ગયા છે અને ફાટફાટ થતી મોંઘવારીમાં રાહત મળી શકે તેમ છે, છતાં પણ સત્તાધીશો મહત્વની આ બાબતને ધ્યાને ન લેતા હોય તેવું લાગી રહ્યું છે.

ઈંધણના વધતાં ભાવો સમયે રેલભાડુ, નુરભાડુ, એસટીભાડુ, દૂધ, શાકભાજી, અનાજ તથા જીવન જરૂરિયાતની અનેક ચીજવસ્તુઓ મોંઘીદાટ કરી નાખવામાં આવી હતી. જ્યારે હાલમાં દસ રૂપિયાથી વધુ ઘટેલા ભાવો છતાં પણ આ તમામ ચિજવસ્તુઓના ભાવ યથાવત રહ્યા છે. ટ્રાન્સપોર્ટેશનના નામે ઉત્પાદકોએ પ્રજાજનોના શીરે નાંખેલો ભાવ વધારો પાછો ખેંચવા મધ્યમ વર્ગ તથા ગરીબ વર્ગે માંગ કરી છે. બજારમાં જરૂરી એવી તમામ ચિજવસ્તુઓના ભાવને ડીઝલના ભાવ સાથે સરખામણી કરીને વધારી દેવાતાં હતા અને તે સમયે સત્તાધીશો પણ ઉત્પાદકો સાથે સહમત બની યોગ્ય ગણાવ્યા હતા. તો હવે પછી આ ભાવ ઘટાડાનો લાભ પ્રજાજનો સુધી પહોંચે તેવી કાર્યવાહી કરવામાં સત્તાધીશોના લાંબા વિલંબથી લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે.

ગાંધીનગર એક્રેડીટેડ પ્રેસ કલબના સભ્યોએ પ્રકૃતિને ખોળે ગાળેલા યાદગાર બે દિવસ

ગાંધીનગર પ્રેસ કલબનો સાસણ ગીર ખાતે યોજાયેલો એન્વાયરમેન્ટલ કોમ્યુનિકેશન પ્રોગ્રામ

ગાંધીનગર તા.૧૦

ગુજરાત રાજય વનવિભાગના ઉપક્રમે આયોજીત વન અને વન્ય પશુપંખીઓની જાણકારી આપતી પ્રકૃતિ શિબિરમાં ગાંધીનગર એક્રેડીટેડ પ્રેસ કલબના સભ્યોએ કુદરતના ખોળે વિચરી રહેલા વન્ય પ્રાણીઓની જાણકારી મળેવીને પ્રકૃતિને માણવાનો લહાવો લીધો હતો.

ગાંધીનગર એક્રેડીટેડ પ્રેસ કલબ દ્વારા વખતોવખત વિવિધ કાર્યક્રમોના આયોજનો કરવામાં આવતા હોય છે. સામાજીક અને સેવાકીય

ક્ષેત્રે પણ કલબ દ્વારા અનેક કાર્યક્રમો કરવામાં આવે છે. દર વખતે સમાજના વિવિધ કાર્યો માટે જાગૃત રહેતી એક્રેડીટેડ પ્રેસ કલબ દ્વારા આ વખતે કલબના સભ્યો માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વન વિભાગના સહયોગથી આયોજીત એન્વાયરમેન્ટલ ઓરીએન્ટેશન / કોમ્યુનીકેશન ટ્રેનીંગ પ્રોગ્રામમાં ગાંધીનગરના પત્રકારોએ કુદરતને ખોળે બે દિવસ ગાળ્યા હતા. તા.૭ અને ૮ ફેબ્રુઆરીના રોજ યોજાયેલા આ

● અનુસંધાન પાના - ૭ પર

ગાંધીનગર ખાતે ખેડૂત તાલીમ કેન્દ્રનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ખાતે આજરોજ જળ સંપત્તિ, કૃષિ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયા અને કૃષિ-નાગરિક ઉડ્ડયન રાજય મંત્રી શ્રી જશાભાઈ બારડના હસ્તે નવનિર્મિત ખેડૂત તાલીમ કેન્દ્રના મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ કેન્દ્ર આઈ.ટી.આઈ.ની બાજુમાં, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે રૂપિયા ૩.૦૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.

લોકાર્પણ સમારોહના અધ્યક્ષપદેથી સંબોધતાં જળસંપત્તિ, કૃષિ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયાએ જણાવ્યું હતું કે, કૃષિ એ માનવ સંસ્કૃતિનો જૂનામાં જૂનો વ્યવસાય છે. કૃષિ-પશુપાલનનો મહિમા બલરામજી અને શ્રીકૃષ્ણે પણ કર્યો હતો. ઔદ્યોગિક ક્રાંતિથી પરિવર્તન આવ્યું, તેમ છતાં કૃષિ-પશુપાલનના વ્યવસાય માનવજીવન સાથે અભિન્ન રીતે સંકળાયેલા રહ્યા છે. વધતી વસ્તીની સાથે ખેતી માટેની જમીન ઘટતી જાય છે ત્યારે આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિએ ખેતી કરવી અનિવાર્ય બની છે. રાજય સરકારે ખેડૂતો માટે અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અમલી કરી છે. ઓછા પાણીએ સારી ખેતી માટે ડ્રીપ ઈરિગેશન અપનાવવું હિતાવહ છે. ગુજરાતમાં જળસંચય ક્ષેત્રે આમૂલ ક્રાંતિ સર્જાઈ છે. પશુપાલન એવો વ્યવસાય છે, જેમાં સત્વરે આવક રહેશે. મંત્રીશ્રીએ વિવિધ ઉદાહરણો દ્વાર સફળ ખેતીની વાત કરી હતી.

કૃષિ અને નાગરિક ઉડ્ડયન રાજય મંત્રી શ્રી જશાભાઈ બારડે આ -સંગે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ગુજરાતે કૃષિ વિકાસ દરમાં વૃદ્વિ સાથે મોખરાનું સ્થાન મેળવ્યું છે. મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે કૃષિ વિકાસ વર્ષની ઉજવણીની સાથે -થમ વખત રવિ કૃષિ મહોત્સવ યોજીને કૃષિ ક્ષેત્રને -ોત્સાહન આપ્યું છે. રવિ કૃષિ મહોત્સવ અને અન્ય કૃષિ યોજનાઓ નિમિત્તે રાજય સરકારે રૂપિયા ૧૮૦૦ કરોડની માતબર રકમ

શરૂ થાય છે. ઉદ્યોગોની સાથે કૃષિ-પશુપાલનને પણ લક્ષમાં લેવા જ પડશે. આવનારા સમયમાં આ ક્ષેત્રની માંગ વધવાની જ છે. ખેડૂત તાલીમ કેન્દ્ર આધુનિક-વૈજ્ઞાનિક ખેતી માટે ખૂબ ઉપયોગી બની સીધી ખેડૂતોને અર્પણ કરી છે. આજે કૃષિ મહોત્સવના સફળ આયોજનોથી ગુજરાતનો ખેડૂત સારી ખેતી સાથે બમણી આવક રળતો થયો છે, જેથી કૃષિ વિકાસ દરમાં મોટી સિદ્વિ -ાપ્ત થઈ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૩૩

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૪ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૨૬ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ષમિતાભ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

બેબી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

હમતુમ દુશ્મન દુશ્મન : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

ષમિતાભ : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

બેબી : ૨.૪૦

: સ્ક્રીન-૩ :

સેવન્થ સન (અંગ્રેજી) (૩ડી) : ૭.૪૫

બેબી : ૧.૪૫, ૯.૪૫

ષમિતાભ : ૪.૪૫

સ્ક્રીન-૪ :

હવાઈજાદા : ૧.૦૦

જય જવાન જય કિસાન : ૪.૦૦

યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૭.૦૦

ખામોશીયાં : ૧૦.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૫ :

ષમિતાભ : ૧૦.૦૦, ૬.૩૦

બેબી : ૩.૪૫

ખામોશીયાં : ૧૨.૪૫

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :

ષમિતાભ : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

ષમિતાભ : ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :

બેબી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૧૨.૦૦, ૩.૧૫, ૧૦.૦૦

પી.કે : ૬.૪૫

આપની આજ

મેષ : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. રાજય તરફથી વિશેષ લાભ.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

કર્ક : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

સિંહ : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્વિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિમર્શ થઈ શકે છે.

કન્યા : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

તુલા : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્વિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્વિના કાર્યો થઈ શકશે.

વૃશ્ચિક : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્વિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

ધન : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

મકર : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

ચિરવિદાય

- સ્વ. વિજયકુમાર બી. પટેલ (ઉ.વ.૩૫) પટેલવાસ, ધોળાકુવા, તા. માણસા, જી. ગાંધીનગર
- ડાહ્યાલાલ જગજીવનદાસ પુરોહિત (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૧૬૦૯/૧, સે-પસી, ગાંધીનગર
- સ્વ. ઠાકોર ડહીબેન સોનાજી (ઉ.વ.૫૦) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ ગોરધનભાઈ શનાભાઈ પટેલ (ઉ.વ.૭૨) બ્લોક નં. ૧૧૨/૧, સે-૬બી, ગાંધીનગર
- સ્વ. સાકરબેન બચુભાઈ પટેલ (ઉ.વ.૮૫) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ડૉ. હરગોવિંદભાઈ પાનાચંદ પરમાર (ઉ.વ.૭૨) પ્લોટ નં. ૯૭૭/૧, સે-પસી, ગાંધીનગર
- સ્વ. મોહનભાઈ માધાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૮૪) વાવોલ, તા.જી. ગાંધીનગર
- મીનાક્ષી એમ જોષી (ઉ.વ.૩૮) એફ-૨૦૧, સત્યમેવ ફલેટ, સરગાસણ, ગાંધીનગર